અપીલ અરજી નં.૪૦૩ તા.૧૫–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી દિનેશભાઈ પૂનાભાઈ સોસા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિનેશભાઈ પૂનાભાઈ સોસાની તા. ૨૮–૦૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)સુરત મહાનગરપાલિકાના નોર્થ ઝોનનાં North Zone/ IN 3086 Dt. 27/06/2011 થી ઈનવર્ડ થયેલ કાગળોની નકલ વિ. મુદ્દા નં. (૧)થી (૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૫–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૦૩/૨૦૧૧–૧૨

શ્રી દિનેશભાઈ પૂનાભાઈ સોસાની તા. ૨૮–૦૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકાના નોર્થ ઝોનનાં North Zone/ IN 3086 Dt. 27/06/2011 થી ઈનવર્ડ થયેલ કાગળોની નકલ વિ. મુદ્દા નં. (૧) થી (૫)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર(સીવીલ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ના પત્ર નં. એન.ઝેડ/આઉટ નં./૪૭૪૮ તા. ૧૭–૧૦–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૫–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી હકીકત સ્પષ્ટ કરવા તથા તા. ૧૧–૧૦–૧૧ના રોજ આપેલ માહિતી કાગળોની યાદી રજૂ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૪૬ તા.૨૩–૧૧–૧૧ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ,તપાસણી અને વિકાસ પરવાનગીના કાગળો જોયા બાદ વિકાસ પરવાનગી તા. ૨૭–૬–૧૧આપે જોયેલ કે કેમ ? તેની નકલ મેળવેલ છે ? તે પછી શું નારાજગી છે ? તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૮–૯–૧૧ ની અરજીથી ટીપી સ્કીમ નં.૧૮ રે.સ. નં.૪૬૦ માં થયેલ બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને સંબોધતી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૪૭૪૮ તા.૧૧–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં ટીપી સ્કીમ નં.૧૮ (કતારગામ) રે.સ. નં.૪૬૦ પૈકી ફા.પ્લોટ નં.૨૨ માં મંજુર કરવામાં આવેલ કંપાઉન્ડ વોલ અંતર્ગત તમોએ માંગેલ માહિતી અંગે આથી તમોને તા.૧૭–૧૦–૧૧ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે રૂબરૂ ઈન્સ્પેકશન કરવા તેમજ તેમની જરૂરીયાત મુજબના પેપેર્સની નકલ નાણા ભરપાઈ કરી મેળવવા જણાવવામાં આવેલ છે. તેવું સમય મર્યાદામાં જણાવેલ ત્યાર બાદ પત્ર નં.એન.ઝેડ/આ.નં.૪૯૪૮ તા.૧૭–૧૦–૧૧ થી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજીના મુદ્દા નં.(૧) ) સુરત મહાનગરપાલિકાના નોર્થ ઝોનનાં North Zone/ IN 3086 Dt. 27/06/2011 થી ઈનવર્ડ થયેલ કાગળોની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકા નોર્થઝોન/ઈન. ૩૦૮૬ તા.૨૭–૬–૧૧ થી ઈનવર્ડ થયેલ કાગળોની નકલ મેળવવા નકલ દીઠ રૂા૨/– લેખે કુલ–૧૩ નકલના રૂા.૨૬/– ભરપાઈ કર્યેથી તેની નકલ આપવામાં આવશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે રસીદ નં.૪૮૯૦૪૪ તા.૧૭–૧૦–૧૧ ના રોજ રૂા.૨૬/– નકલ ફી પેટે ભરપાઈ કરેલ છે. મુદ્દા નં.(૨) નોર્થઝોનના N.Z Out No.31 Dt. 02/07/2011 ના પત્રની નકલ તેમજ તેમાં જણાવ્યા મુજબ . " under section 29(1) (!!) /29(!) (!!!), 34,49, (i)(b) of the Gujrat town planning and Urban Development Act. 1976 , under section 253 and 254 of Bombay Provincial municipal Corporation Act, 1949 ની

નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/૪૭૪૮ તા.૧૦–૧૧–૧૧ થી જવાબ પાઠવવામાં આવેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) T.P Scheme No 18 (katargam) R.S.No 460 paikee F.P No 22 સબંધિત Certificate of Registration from the Compettent Authority under provision of the Building and other construction workers (Regulation of Employment and condition of service) Act. 1996 ની નકલ . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/૪૭૪૮ તા.૧૦–૧૧–૧૧ થી જવાબ પાઠવવામાં આવેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) T.P Scheme No 18 (katargam) R.S.No 460 paikee F.P No 22 ઉપર Compound Wall Construction ની Permission શાને આધારે કોની સહીથી આપવામાં આવી છે? તેની વિગતો આપવી. તેમજ તે સબંધે જે તે વ્યકિત અથવા સંસ્થાએ રજૂ કરેલ પુરાવાની નકલો આપવી. તેમજ તે સબંધે જે તે વ્યકિત અથવા સંસ્થાએ રજૂ કરેલ પુરાવાની નકલો આપવી તથા સદરહુ પ્લોટમાં કે પ્લોટની ફરતે કરવામાં આવેલ construction સુરત મહાનગરપાલિકાએ નકકી કરેલ શરતોને આધિન કરેલ છે કે કેમ? અને તે પ્રમાણે સબંધિત વ્યકિત/ સંસ્થાએ તેનું પાલન કરેલ છે કે નહી? અને આ બાબતે જવાબદાર અધિકારીએ રૂબરૂ સ્થળ તપાસ કરેલ છે કે નહી? અને જો સદર બાબતે સબંધિત વ્યકિત/ સંસ્થાએ શરતોનો ભંગ કરેલ હોય એવું માલમ પડયું હોય તો તેની સામે કરેલ કાર્યવાહીની વિગતો આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/૪૭૪૮ તા.૧૦–૧૧–૧૧ થી જવાબ પાઠવવામાં આવેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૫) T.P Scheme No 18 (katargam) R.S.No 460 માં કુલ કેટલી જગ્યા C.O.P તરીકે મંજુર કરવામાં આવી છે? તથા તે મંજુર થયેલ C.O.P ઉપર કોઈ પણ પ્રકારનું Construction કરવામાં આવેલ છે કે કેમ? C.O.P ઉપર Construction કરવા કે ન કરવા અંગેના જો કોઈ નિતી –નિયમો હોય અને તે આ કિસ્સામાં સુરત મહાનગરપાલિકાએ અમલમાં મુકયા હોય તો તેની વિગત આપવી. તેમજ સદરહુ C.O.P માં કોઈ પણ પ્રકારનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવ્યું છે કે કેમ? તેની વિગતવાર માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/૪૭૪૮ તા.૧૦–૧૧–૧૧ થી જવાબ પાઠવવામાં આવેલ છે તેવું જણાવેલ છે.જે બાબતે અરજદારે આપવામાં આવેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ તા.૧૫–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે. જેમાં અરજદારે ઈન્સ્પેકશન કરવા તેમજ જરૂરીયાત મુજબની નકલ નાણા ભરપાઈ કરી મેળવી લેવા જણાવેલ. તે અનુસાર માંગ્યા મુજબના પેપર પૈકી મને આપવામાં આવેલ પેપર મારી માંગણી મુજબ મને આપેલ નથી. તેમજ પત્ર નં.નોર્થઝોન/ઈન. ૩૦૮૬ તા.૨૭–૬–૧૧ સબંધિત માંગેલ માહિતી બાબતે ઝોન ધ્વારા મને જે માહિતી આપવામાં આવી છે તે મારા માંગ્યા મુજબની નથી પુરાવારૂપે આપવામાં આવેલી માહિતી/પેપર્સ નં.પત્ર ઈન. નં.૩૦૮૬ તા.૨૮–૬–૧૧ જણાવેલ છે. જયારે પત્ર નં.એન.ઝેડ/૩૧ તા.૨૧–૭–૧૧ ના પત્રમાં જણાવેલ છે કે With reference to the Application for Development permission North Zone/In/ 3086 dated જે નોર્થઝોન તરફથી શ્રી કૌશિકભાઈ હીરપરા કેર ઓફ શ્રી કાંતિલાલ જી. પટેલ ,૮૫૧, પ્રભાત સ્ટ્રીટ કતારગામને ટીપી સ્કીમ નં.૧૮ રે.સ. નં.૪૬૦ પૈકી ફા.પ્લોટ નં.૨૨ માટે કંપાઉન્ડ વોલના કન્સ્ટ્રકશન પ્લાનની આપવામાં આવેલ પરમીશન નોર્થઝોન/ઈન./૩૦૮૬ તા.૨૭–૬–૧૧ નો સંદર્ભ ટાંકવામાં આવેલ છે. જયારે ૩૦૮૬ તા.૨૮–૬–૧૧ જે વોર્ડ નં.૧૫ નો ટેના નં.૧૫બી–૧૭–૧૫૫૭–૦–૦૦૧ દર્શાવેલ છે જે અરજદારને મળેલ અત્રે રજૂ કરેલ છે. આમ અરજદારની મુળ તકરાર નોર્થ નં.નોર્થઝોન/ઈન./૩૦૮૬ તા.૨૭–૬–૧૧ નો પત્ર તેઓને નહીં મળ્યાની રજૂઆત છે. આમ અરજદારની રજૂઆત બંને પત્રો ઉપર એક જ ઈન્વર્ડ નંબર કઈ રીતે હોય શકે જે બાબતે બંને પત્રો અલગ અલગ વિભાગના છે. એક પત્ર આકારણી વિભાગની નામફેર અંગેની અરજી બાબતે છે જયારે બીજો પત્ર શહેર વિકાસ વિભાગને સ્પર્શતો છે. જે બાબતે આકારણી વિભાગની નામફેર અરજીની નકલ પર નોર્થઝોન/ઈન./૩૦૮૬ તા.૨૮–૬–૧૧ ની નકલ પૂરી પાડેલ છે જે અત્રે રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારીએ શહેર વિકાસને સ્પર્શતા પત્ર નં.ઈ.ન./૩૦૮૬ તા.૨૭–૬–૧૧ બાબતે આપેલ પરમીશનના સંદર્ભે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડેલ ન હોઈ જે પૂરી પાડવાની રહે. વધુમાં અરજદારે મુદ્દા નં.૨ થીપ બાબતે જવાબ આપેલ નથી તે અંગે સદંતર ખોટુ છે તેવા પ્રશ્ન બાબતે જણાવવાનું કે અરજદારે ફકત આઉટવર્ડ નંબર થી જવાબ આપેલ છે તેવી રજૂઆત કરેલ છે. પરંતુ જવાબની સાથે અરજદારને તપાસણી આપેલ હોવાથી ફકત આઉટવર્ડ નંબરથી જણાવ્યાનો પ્રશ્ન રહેતો નથી. જે અરજદારે તપાસણી કર્યાનું જણાવેલ છે. અને ત્યારે જાહેર માહિતી અધિકારીએ જરૂરી પેપર નાણા ભરી મેળવવા જણાવેલ છે. આથી અરજદારને માહિતી અંગે ઈન્સ્પેકશન કરી માહિતી મેળવવાની તક આપવામાં આવેલ છે. જેમાં તેમને દફતરી ઉપલબ્ધ માહિતીનું તપાસણી કરી માંગ્યા મુજબના પેપર આપેલ નથી. જેમાં નોર્થઝોન/ઈન./૩૦૮૬ તા.૨૮–૬–૧૧ ના પત્ર બાબતેની જ રજૂઆત કરેલ છે. તે સિવાય અન્ય કોઈ તપાસણી સંદર્ભે રજૂઆત કરેલ નથી.

**હુકમ**

**અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**અરજદારની તા.૨૮–૦૯–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે મુદ્દા નં.૧ અંગેની અરજદારની નારાજગી અને રજૂઆતને અનુલક્ષી ઝોનની વિકાસ પરવાનગીને લગતા તથા આકારણીને લગતા દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–પ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરાવી દિન–૭ માં અરજદારને પૂરી પાડી તે પૈકી અરજદાર ઈચ્છે તે નકલો અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.**

**(પી.જે.ઝાલા)**
**ડે.કમિશ્નર (સ્પે.)**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**નં.આરટીઆઈસેલ/**
**તારીખ : –૧૨–૧૧**

**પ્રતિ,**
**(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)....જાણ તથા અમલ માટે**
**(૨) શ્રી દિનેશભાઈ પૂનાભાઈ સોસા,**